# સંપાદકીય

## નવા શીતયુદ્ધનો પ્રારંભ

અમેરિકા અને ચીન વચ્ચે વ્યાપાર યુદ્ધ બહુ લાંબુ ચાલવાનું છે કારણ કે બંને દેશો આડા ચાલવામાં નિષ્ણાત છે. દુનિયાના કોઈ પણ દેશ સાથે ચીન અને અમેરિકાને માત્ર સ્વાર્થલુબ્ધ સંબંધો જ છે. મિત્રતા એટલે વળી શું એમ તેઓ પૂછે તો કોઈને નવાઈ ન લાગવી જોઈએ કારણ કે એક રાષ્ટ્ર તરીકે બાય ડિફોલ્ટ તેમને મિત્રતાનો પરિચય નથી. આ દેશોના હાથમાં દુનિયાને નેવિગેટ કરવાની તાકાત છે. મહાસત્તાઓએ આજ સુધી વિશ્વ સમુદાયમાં ગરીબ રાષ્ટ્રોની સંખ્યા અભિવૃદ્ધ કરવાનું જ કામ કર્યુ છે. કોઈ પણ વિકાસશીલ દેશ જ્યાં છે ત્યાં જ રહે એ માટે જે કંઈ કરવું પડે એ તેઓ નિરંતર કરતા રહે છે. અમેરિકા અને ચીન બન્ને દેશો પાસે એના તોતિંગ વિદેશ મંત્રાલયો છે જેમાં એકથી એક ચડિયાતા આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો કામ કરે છે. અમેરિકાની કુશળતા નીતિ એટલે કે પોલિસીમાં છે. એ એની ચતુરાઈયુક્ત નીતિથી જ ભલભલા દેશોને પાડી દે છે. દુનિયામાં ભારતની છબી એક નિરુપદ્રવી અને તટસ્થ રાષ્ટ્રની છે છતાંય ભારત અનેકવાર અમેરિકી કૂટનીતિનો શિકાર બનેલું છે. અમેરિકા અને ચીન બંનેમાં એટલી બધી ઈર્ષ્યા ભરેલી છે કે દુનિયાના કોઈપણ દેશને તેઓ સુખી જોઈ શકતા નથી. આજે પરિસ્થિતિ એ છે કે વ્યાપાર અને વાણિજ્ય અંગે એ બન્ને મહાસત્તાઓ ટકરાઈ રહી છે અને એમનો નીતિગત સંઘર્ષ હવે હદ વટાવવા લાગ્યો છે. ચીન માને છે કે સમગ્ર દુનિયામાં પિનથી પિયાનો સુધી બધા જ ઉત્પાદનો તો અમારા જ હોવા જોઈએ. ચીને છેલ્લા બે દાયકામાં સ્પેન, ફ્રાન્સ, બ્રિટન, જાપાન અને અમેરિકાની નિકાસ પર ઉપરાઉપરી કારમા ઘા કરેલા છે. એક રીતે તો ચીન અને અમેરિકાની આ ટક્કરથી ઈતર અનેક દેશો રાજી છે પરંતુ તકલીફ એ છે કે બન્ને દેશોનો દુનિયા પર પ્રભાવ અને કામકાજનો વ્યાપ એટલો બધો છે કે સહુને એના નકારાત્મક પ્રભાવમાંથી પસાર થવાનું આવ્યું છે. એમના જંગની છાલક સહુને ઉડે છે. હવે એમનો વ્યાપારિક ટકરાવ ગંભીર તબક્કામાં પ્રવેશ્યો છે. અમેરિકાએ ચીનથી પોતાના દેશમાં આયાત થનારી ચીજવસ્તુઓ પર ડ્યુટી એટલે કે એક પ્રકારનો વેરો દસ ટકાથી વધારીને પચીસ ટકા કરી દીધો છે. ટકાવારીનો આ ઉછાળો જ બતાવે છે કે અમેરિકાને ચીન સાથેના પોતાના સંબંધો તંગ કરવાની કેટલી બધી ઉતાવળ છે. આ જે ચીજવસ્તુઓ પર અમેરિકાએ આયાતશુલ્કમાં વધારો કર્યો એ કુલ સામાન બસો અબજ ડોલરનો છે. અમેરિકા અને ચીન બન્ને પોતાના નકલી ચહેરાઓ સાથે છંછેડાઈ ગયેલા વ્યાપાર યુદ્ધને ખત્મ કરવાની વાટાઘાટો પણ ચલાવતા હતા પરંતુ બન્નેની પ્રવૃત્તિ મુખ મેં રામ અને બગલ મેં છુરી જેવી હોવાથી એ વાટાઘાટો કામયાબ નીવડી નથી. આવી નકલી ચહેરાઓ ધારણ કરેલી દસથી વધુ વાટાઘાટો પાણીમાં ગઈ છે. દાનત જ સારી ન હોવાથી એવી વાટાઘાટોનો કોઈ અર્થ સરતો નથી. ચીનના નાયબ વડાપ્રધાન લ્યૂ હે અનેક પ્રયત્નો કરી ચૂક્યા છે અને તેમણે અમેરિકાની ખેપ પણ ઓછી નથી કરી. પરંતુ તેમની પાસે ન તો સ્વતંત્ર વિચારવાની સત્તા છે કે ન તો તેઓ અમેરિકાનું દૃષ્ટિબિંદુ અપનાવીને સમસ્યા સમજવા તૈયાર છે. દરેક વાતચીત પછી બન્ને દેશોની અકડાઈમાં કોઈ ફેર પડતો નથી. અમેરિકી વાણિજ્ય દૂત સરીખા પ્રતિનિધિ રોબર્ટ લાઈટહાઈઝર પણ તેમની દરેક વાતોમાં ચીન પર દોષારોપણ કરીને સ્થિતિ વણસાવવાનું કામ કરી રહ્યા છે. અમેરિકાના દરેક કદમ પર ચીનના પ્રત્યાઘાત બહુ આક્રમક હોય છે.

# કોંગ્રેસ માટે રાહુલ ગાંધી જરૂરી

### નરેન્દ્ર મોદી અને ગોરધન ઝડફિયા વચ્ચે મતભેદ હતા અને એ મતભેદ એટલી હદે વધ્યો કે ગોરધન ઝડફિયાએ બેઠકમાં રડ્યા હતા અને નરેન્દ્ર મોદી મારા ફોન ટેપ કરે છે એવું પણ કહ્યું હતું



લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના કારમા પરાજય પછી રાહુલ ગાંધીના નેતૃત્વ અને પાર્ટીના સંગઠન સામે ઊઠી રહેલા સવાલો અંગે રાજકીય વિશ્લેષક સંજય કુમારે જણાવ્યું કે, કોંગ્રેસ અધ્યક્ષ 'એસેટ' અને 'લાયેબિલિટી' બંને છે. તેમણે પાર્ટીને મજબૂત કરવા માટે મોટા નેતાઓ વચ્ચે અહમની અથડામણ દૂર કરવા પર ભાર મુક્યો હતો. કુમારે જણાવ્યું કે, ૨૦૧૯માં કોંગ્રેસને જે કારમી હારનો સામનો કરવો પડ્યો છે તેની તેણે કલ્પના કરી ન હતી, કેમ કે, તેની સામે કોઈ સત્તાવિરોધી લહેર ન હતી. આથી, કોંગ્રેસે વર્તમાન કરતાં ઘણું સારું પ્રદર્શન કરવું જોઈતું હતું, પરંતુ જે પ્રકારે તેનો પરાજય થયો છે તેમાં નેતૃત્વની જવાબદારી તો બને જ છે. રાહુલ અને ગાંધી પરિવાર સિવાયની કોઈ અન્ય વ્યક્તિને કોંગ્રેસનું નેતૃત્વ સોંપવાના સવાલ અંગે તેમણે જણાવ્યું કે, રાહુલ ગાંધી જો અધ્યક્ષ પદ છોડી દે અને ગાંધી પરિવાર સિવાયની કોઈ અન્ય વ્યક્તિ જો અધ્યક્ષ બને તો પ્રારંભના કેટલાક મહિના અત્યંત કપરા અને પાર્ટીને વેરવિકેર કરનારા બની શકે એમ છે. એવી સ્થિતિમાં પાર્ટીનું એકજૂથ રહેવું મુશ્કેલ બની જશે. બની શકે કે, આગળ જતાં વસ્તુઓ સારી થઈ જાય. કુમારે વધુમાં જણાવ્યું કે, મારું માનવું છે કે રાહુલ કોંગ્રેસની 'એસેટ' અને 'લાયેબિલિટી' બંને છે. 'લાયેબિલિટી' એટલા માટે કેમ કે તે વોટને પાર્ટીની તરફેણમાં ખેંચી શક્તા નથી. બીજી તરફ 'એસેટ' એટલા માટે છે, કેમ કે તેમના કારણે જ પાર્ટી એકજૂથ છે.આ ચૂંટણીમાં કોંગ્રેસની ભૂલોના સવાલ અંગે તેમણે જણાવ્યું કે, કોંગ્રેસે નકારાત્મક પ્રચાર કરવાનો પ્રયાસ વધુ કર્યો. તેમણે એક એવી વ્યક્તિ પર આરોપ લગાવ્યા જેની જનતામાં ખૂબ જ વિશ્વસનિયતા છે. તેમણે ઘણા પહેલા સમજી જવાનું હતું કે, તમારી વાત પ્રજાની વચ્ચે સ્વીકાર થશે નહીં. આ ચૂંટણીમાં કોંગ્રેસની સારી છબી અને મજબૂત પ્રતિષ્ઠા બની શકી નહીં. લોકો કોંગ્રેસની વિચારધારાને નકારી રહ્યા છે.તેમણે જણાવ્યું કે, હજુ પણ લોકોને એવું લાગે છે કે કોંગ્રેસની વિચારધારા દેશની બહુમતિ પ્રજાની વિરોધી છે અને લઘુમતિની સમર્થક છે. તેઓ માને છે કે, પાર્ટી લઘુમતિનું તુષ્ટિકરણ કરી રહી છે, તેને બહુમતિ વર્ગની ચિંતા નથી. ભાજપ અંગે લોકોનું માનવું છે કે તે બહુમતિ વર્ગની તરફેણમાં છે. કોંગ્રેસમાં આંતરિક વિખવાદ અને ખેંચતાણની વાતો જૂની નથી, અવાર-નવાર કોંગ્રેસનો ગૃહકલેશ બહાર આવતો રહે છે, તાજેતરની લોકસભા ચૂંટણી ૨૦૧૯માં થયેલા કારમા પરાજય પાછળ પણ હવે કોંગ્રેસનો આંતરિક વિખવાદ જ કારણભૂત હોય એવું નિવેદન રાહુલ ગાંધીએ કર્યું છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કોંગ્રેસની કાર્યકારી સમિતિની બેઠકમાં પાર્ટીના વરિષ્ઠ નેતાઓ પર આરોપ લગાવ્યો કે, તેમણે પાર્ટીથી પહેલા પોતાના પુત્રોના હિતને આગળ રાખ્યો હતો.લોકસભા ચૂંટણી ૨૦૧૯ની ચૂંટણીમાં કોંગ્રેસના કારમા પરાજયની સમીક્ષા કરવા માટે નવી દિલ્હીમાં પાર્ટીની કાર્યકારી સમિતિની બેઠક મળી હતી. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ આ બેઠકમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથ અને પાર્ટીના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે પાર્ટીથી પહેલા પુત્ર-હિતને આગળ રાખ્યો હતો.બેઠકમાં રાહુલ ગાંધીએ કોંગ્રેસના પરાજયની જવાબદારી સ્વિકારતા રાજીનામાની ઓફર કરી હતી. જોકે, પાર્ટીના સભ્યોએ તેમના આ પ્રસ્તાવને સર્વસંમતિ સાથે ફગાવી દીધો હતો અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં પાર્ટીનું નેતૃત્વ જાળવી રાખવાનો આગ્રહ કર્યો હતો. આ બેઠકમાં લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના કારમા પરાજયના કારણે અંગે મહામંથન કરવામાં આવ્યું હતું અને એક પ્રસ્તાવ પણ પસાર કરાયો છે. સાથે જ બેઠકમાં રાહુલ ગાંધીને પાર્ટીના સંગઠનમાં દરેક સ્તરે ધરમૂળથી ફેરફાર કરવા માટે પણ સત્તા આપવામાં આવી છે. બેઠક પછી પત્રકારો સાથેની વાતચીતમાં પાર્ટીના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે પત્રકારોને જણાવ્યું કે, રાહુલ ગાંધીએ રાજીનામની ઓફર કરી હતી. બધા જ સભ્યોએ સર્વસંમતી સાથે તેમની ઓફર ફગાવી દીધી છે અને તેમને જણાવ્યું છે કે, પાર્ટીને તમારા નેતૃત્વની જરૂર છે. જો કોઈ નેતા રાષ્ટ્રીય સ્તરે વિરોધ પક્ષની ભૂમિકા નિભાવી શકે છે તો તે રાહુલ ગાંધી છે.પાર્ટીના વરિષ્ઠ નેતા એ.કે.એન્ટોનીએ જણાવ્યું કે, "પાર્ટીનું પ્રદર્શન અપેક્ષા મુજબ રહ્યું નથી. અમે તાત્કાલિક કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકીએ એમ નથી. તેના પર વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવશે.શનિવારે મળેલી કોંગ્રેસની કાર્યકારી સમિતિમાં સર્વસંમતિ સાથે એક ઠરાવ પસાર કરાયો હતો. આ ઠરાવમાં જણાવાયું કે, કોંગ્રેસ કાર્યસમિતિ ૧૨.૧૩ કરોડ સાહસિક અને સજાગ મતદારોનો આભાર માને છે, જેમણે કોંગ્રેસ પાર્ટીમાં પોતાનો વિસ્વાસ વ્યક્ત કર્યો છે. કોંગ્રેસએક જવાબદાર અને સાકારાત્મક વિરોધ પક્ષ તરીકે પોતાની ફરજ નિભાવશે અને દેશવાસીઓની સમસ્યાને આગળ રાખીને તેના પ્રત્યે સરકારની જવાબદારી સુનિશ્ચિત કરશે.પ્રસ્તાવમાં વધુમાં જણાવાયું છે કે, કોંગ્રેસ કાર્યસમિતિએ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને દેશના યુવાનો, ખેડૂતો, મહિલાઓ, અનુસુચિત જાતિ/જનજાતિ/પછાત વર્ગ, ગરીબો, શોષિતો અને વંચિતોની સમસ્યાઓ માટે આગળ રહીને સંઘર્ષ કરવાનો આગ્રહ કર્યો છે. કોંગ્રેસની કાર્યસમિતિ એ પડકારો, નિષ્ફળતાઓ અને ખામીઓનો સ્વિકાર કરે છે, જેના કારણે આવો જનાદેશ આવ્યો છે.કાર્યસમિતિએ વધુમાં જણાવ્યું કે, કોંગ્રેસ કાર્યસમિતિ પાર્ટીના સંગઠનાત્મક માળખામાં ધરમૂળથી ફેરફાર અને વિસ્તૃત પુનઃસંરચના કરે. જેના માટે નવી યોજનાને ટૂંક સમયમાં જ લાગુ કરવામાં આવશે. કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણીમાં પરાજય ભોગવ્યો છે, પરંતુ અદમ્ય સાહસ, સંઘર્ષની ભાવના અને અમારા સિદ્ધાંતો પ્રત્યેની પ્રતિબદ્ધતા પહેલા કરતા વધુ મજબૂત છે. કોંગ્રેસ પાર્ટી નફરત અને ભાગલાવાદી શક્તિઓનો સામનો કરવા માટે હંમેશાં કટિબદ્ધ છે.બેઠકમાં કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી ઉપરાંત યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી, પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ, મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા, અશોક ગેહલોત, અંબિકા સોની, કુમાર શૈલજા, પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંઘ, ગુલામ નબી આઝાદ, એ.કે.એન્ટોની, મલ્લિકાર્જુન ખડગે સહિતના કાર્યસમિતિના અન્ય સભ્યો હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસનો માત્ર ૫૨ સીટ પર વિજય થયો છે. ગુરુવારે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવ્યો. તેમની સામે સ્પર્ધામાં રહેલા નહેરુ-ગાંધી પરિવારના વંશજ અને કૉંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પરાજય બાદ નિસ્તેજ થયેલા જણાય છે.ભારતના સૌથી પ્રસિદ્ધ રાજકીય વંશના તેઓ વારસદાર છે. તેમના પિતાના નાના જવાહરલાલ નહેરુ ભારતના પ્રથમ અને સૌથી લાંબો સમય શાસન કરનારા વડા પ્રધાન હતા.તેમના દાદી ઈંદિરા ગાંધી ભારતનાં પ્રથમ મહિલા વડાં પ્રધાન હતાં, જ્યારે તેમના પિતા ભારતના સૌથી યુવાન વડા પ્રધાન હતા.૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસ સૌથી ખરાબ રીતે હારી ગયેલો પક્ષ સાબિત થયો હતો, જ્યારે ગુરુવારના પરિણામોએ સીધો રાહુલ ગાંધીને જ ફટકો માર્યો છે.કૉંગ્રેસને માત્ર ૫૨ બેઠક મળી છે, જેની સામે ભાજપને ૩૦૩ બેઠકો મળી છે. એટલું જ નહીં, પરિવારનો ગઢ ગણાતી અમેઠીની બેઠક પણ તેમણે ગુમાવી દીધી છે.જોકે, તેઓ સંસદસભ્ય તરીકે રહેશે, કેમ કે કેરળની વાયનાડ બેઠક પરથી પણ તેઓ ચૂંટણી લડ્યા હતા અને ત્યાં જીત મળી છે.કૉંગ્રેસનો ગઢ ગણાતા અમેઠીની લડાઈ પ્રતિષ્ઠાનો જંગ હતો. આ બેઠક પર રાજીવ ગાંધી અને સોનિયા ગાંધી બન્ને અગાઉ જીત્યાં હતાં. રાહુલ ગાંધી પોતે પણ ૧૫ વર્ષથી અહીંના સાંસદ હતા.ચૂંટણી વખતે 'મેરા અમેઠી પરિવાર' એવા સંબોધન સાથે મતદારોને લાગણીભર્યો પત્ર લખવામાં આવ્યો તો પણ હારની નાલેશીમાંથી તેઓ બચી શક્યા નહીં.અભિનેત્રીમાંથી રાજકારણી બનેલાં સ્મૃતિ ઈરાનીએ તેમને ખરાબ રીતે હરાવી દીધાં.આ બેઠક સૌથી વધુ વસતી ધરાવતા ઉત્તર પ્રદેશની છે, જેને ભારતીય રાજકારણમાં સૌથી અગત્યનું રાજ્ય માનવામાં આવે છે.આ રાજ્ય જેના હાથમાં હોય તે જ દેશમાં શાસન કરી

# રાજકીય પરિવારો માટે ચૂંટણી પરિણામ મોટો ઝટકો

### કૉંગ્રેસે દેશમાં ભલે આઠ બેઠક વધારે મેળવવામાં સફળતા મેળવી પણ પોતાનો ગઢ તેના હાથમાંથી સરકી ગયો.અમેઠીની બેઠક અને ગાંધી પરિવારના સંબંધો પર નજર કરીએ તો ૧૯૮૦માં સંજય ગાંધીએ અહીંથી ચૂંટણી જીતી હતી અને તેમનાં મૃત્યુ પછી ૧૯૮૧માં થયેલી પેટાચૂંટણીઓમાં અમેઠીએ રાજીવ ગાંધીને સાંસદ બનાવ્યા

લોકસભા ચૂંટણી ૨૦૧૯નાં પરિણામોમાં ભાજપે વર્ષ ૨૦૧૪ની જીતના આંકડાઓને પણ ધ્વસ્ત કરી દીધા છે. ભાજપને જ ૩૦૩ બેઠકો મળી છે તો રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધન એટલે કે એનડીએ ૩૫૦ બેઠકો જીતવામાં સફળ રહી છે.આ આંકડાઓએ વર્ષ ૨૦૧૪નાં પરિણામોને પાછળ છોડી દીધાં છે. તે વખતે ભાજપને ૨૮૨ અને એનડીએને ૩૩૬ બેઠકો મળી હતી.મોદી નામની આ આંધીમાં ના ઉત્તર પ્રદેશ અને બિહારનું ગઠબંધન કામ આવ્યું કે ના કૉંગ્રેસની ન્યાય યોજના કામ કરી શકી.વર્ષ ૨૦૧૪થી ૨૦૧૯ વચ્ચે દેશનો સૌથી જૂનો પક્ષ કૉંગ્રેસ આઠ બેઠકો જ વધારે મેળવી શક્યો.૨૦૧૪માં કૉંગ્રેસ ૪૪ બેઠકો પર સમેટાઈ ગયો હતો. આ વખતે મોદી લહેરમાં કૉંગ્રેસ સહિત કેટલાયે વિપક્ષી દળના નેતા પણ હારી ગયા જેમની પેઢીએ ક્યારેય હાર જોઈ જ ન હતી.જાણો રાજકારણના એવા જ પરિવારોની કહાણી જે આ વખતે કદાચ પોતાના ગઢમાં પીછેહઠનો સામનો કરી રહ્યા છે.ગત ગુરુવાર સુધી દેશમાં કૉંગ્રેસની બે બેઠક અમેઠી અને રાયબરેલી સૌથી સુરક્ષિત મનાતી હતી. પરંતુ લોકસભા ચૂંટણીનાં પરિણામો પછી કૉંગ્રેસને પોતાના જ ગઢમાં ઝટકો લાગ્યો છે.અમેઠીમાં રાહુલ ગાંધીને ભાજપના ઉમેદવાર સ્મૃતિ ઈરાનીએ ૫૫ હજાર મતોથી હરાવ્યા.આ ઝટકો કૉંગ્રેસ માટે દેશ ભરમાં કૉંગ્રેસને મળેલી હાર કરતાં પણ મોટો છે.૨૦૧૪માં કૉંગ્રેસની ૪૪ બેઠકો પર જીત મળી હતી અને આવા સમયે પણ રાહુલ ગાંધીએ સ્મૃતિ ઈરાનીને એક લાખથી વધુ મતોના અંતરથી હાર આપી હતી.કૉંગ્રેસે દેશમાં ભલે આઠ બેઠક વધારે મેળવવામાં સફળતા મેળવી પણ પોતાનો ગઢ તેના હાથમાંથી સરકી ગયો.અમેઠીની બેઠક અને ગાંધી પરિવારના સંબંધો પર નજર કરીએ તો ૧૯૮૦માં સંજય ગાંધીએ અહીંથી ચૂંટણી જીતી હતી અને તેમનાં મૃત્યુ પછી ૧૯૮૧માં થયેલી પેટાચૂંટણીઓમાં અમેઠીએ રાજીવ ગાંધીને સાંસદ બનાવ્યા.તે પછી રાજીવ ગાંધીએ ૧૯૮૪માં, ૧૯૮૯માં અને ૧૯૯૧માં આ બેઠક પરથી જીત હાંસલ કરી.વર્ષ ૧૯૯૧ અને ૧૯૯૬માં ગાંધી પરિવારના નજીકના મનાતા કેપ્ટન સતિશ શર્માએ આ બેઠક પર જીત નોંધાવી.આ પછી ૧૯૯૮માં ભાજપના ઉમેદવાર સંજયસિંહે જીત મેળવી પરંતુ ૧૩ દિવસમાં જ અટલ બિહારી વાજપેયી સરકાર પડી ગયા પછી ૧૯૯૯માં ફરી અહીં ચૂંટણી થઈ.૧૯૯૯માં સોનિયા ગાંધીએ રાજકારણમાં પ્રવેશ કર્યો અને અમેઠીને ફરી વખત કૉંગ્રેસની યાદીમાં ઉમેરી દીધું.૨૦૦૪થી રાહુલ ગાંધી આ બેઠક પરથી ચૂંટણી લડતા આવ્યા છે અને ત્રણ વાર અમેઠીના સાંસદ રહી ચૂક્યા છે.આ રાહુલ ગાંધીની રાજકીય કારકિર્દીની પહેલી હાર છે.જોકે, રાહુલ ગાંધીએ આ વખતે કેરળની વાયનાડ બેઠક પરથી પણ ચૂંટણી લડી જ્યાં તેમને ૪ લાખથી વધારે મતોથી જીત મળી છે.સ્વાભાવિક છે કે આ વખતે પણ તેઓ સંસદમાં તો જઈ રહ્યા છે પણ આ વખતે સરનામું નવું હશે.ગ્વાલિયરના સિંધિયા રાજવી કુટુંબ સાથે નિસ્બત ધરાવતા જ્યોતિરાદિત્ય સિંધિયા ગુના બેઠક પરથી એક લાખ પચીસ હજાર મતોથી હારી ગયા છે. તેમને ભાજપના ઉમેદવાર કૃષ્ણપાલ સિંહે હરાવ્યા.પિતા માધવરાવ સિંધિયાના મૃત્યુ પછી ૨૦૦૨માં થયેલી પેટાચૂંટણીમાં ભાગ લઈ જ્યોતિરાદિત્ય સિંધિયાએ રાજકારણમાં પ્રવેશ કર્યો.ગુના બેઠક પરથી આ વખતે પાંચમી વાર તેમણે ઉમેદવારી કરી હતી પરંતુ બે પેઢીઓથી ગુનામાં જીતનાર સિંધિયા પરિવારને આ વખતે જનતાએ મોટી હાર આપી છે.સિંધિયા પરિવારના પ્રભાવનો અંદાજો એ વાત પરથી આવે કે ગુનાથી ચૂંટણી લડનારા માધવરાવ સિંધિયાને જ્યારે ૧૯૮૪માં કૉંગ્રેસે ગ્વાલિયરથી ઉમેદવાર જાહેર કર્યા ત્યારે તેમણે ખૂબ મોટા અંતરથી ભાજપના દિગ્ગજ નેતા અટલ બિહારી વાજપેયીને હરાવ્યા.ગુના બેઠક પર સિંધિયા પરિવારની એવી અસર રહી કે સિંધિયા પરિવાર કયા પક્ષની ટિકિટ પરથી ચૂંટણી લડી રહ્યો છે તે ક્યારેય અસરકર્તા મુદ્દો રહ્યો જ નહીં. ગુનામાં કુલ ૨૦ ચૂંટણીઓમાંથી ૧૪ ચૂંટણીઓ સિંધિયા પરિવારના વ્યક્તિઓએ જ જીતી છે.જ્યોતિરાદિત્ય સિંધિયાનાં દાદી વિજયા રાજે સિંધિયા કૉંગ્રેસ, સ્વતંત્ર પાર્ટી અને ભાજપ તરફથી ઉમેદવાર રહી ચૂંટણી લડી ચુક્યા છે. તો પિતા માધવરાવ સિંધિયા પહેલાં જનસંઘ અને પછી કૉંગ્રેસ તરફથી ચૂંટણીઓ લડ્યા અને જીત્યા.૨૦૦૧માં રાજકારણમાં પ્રવેશ કરનાર જ્યોતિરાદિત્ય સિંધિયાએ હંમેશા કૉંગ્રેસ તરફથી જ ચૂંટણી લડી છે અને આ તેમની પહેલી હાર છે.દેશના મોટા રાજકીય પરિવાર મુલાયમસિંહ યાદવની પુત્રવધૂ ડિમ્પલ યાદવ આ વખતે સમાજવાદી પાર્ટીની પારંપરિક બેઠક કન્નોજને ના બચાવી શક્યાં. ભાજપના ઉમેદવાર સુબ્રત પાઠકે તેમને બાર હજારથી વધારે મતોથી હરાવી દીધા.કન્નોજની બેઠક એ છે જ્યાં સમાજવાદની રાજનીતિનો સૌથી મોટો ચહેરો મનાતા રામ મનોહર લોહિયાએ ૧૯૬૭માં ચૂંટણી લડ્યા હતા અને જીત મેળવી હતી.મુલાયમસિંહ યાદવ ૧૯૯૯માં આ બેઠક પરથી સાંસદની ચૂંટણી લડ્યા હતા.તેપછી ૨૦૦૨થી લઈ ૨૦૧૨ સુધી ત્રણ વાર અખિલેશ યાદવ આ બેઠક પર ચૂંટણી લડી સાંસદ બન્યા. પરંતુ ૨૦૧૨માં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી બનવા માટે તેમણે આ બેઠક છોડવી પડી.અહીંથી જ કન્નોજમાં ડિમ્પલે જીત હાંસલ કરી. અખિલેશ યાદવે બેઠક છોડ્યા પછી આ બેઠક પર પેટાચૂંટણી થઈ અને ખાસ વાત એ રહી કે તેમની સામે બસપા, કૉંગ્રેસ અને ભાજપે ઉમેદવાર મેદાનમાં ના ઉતાર્યા.તે પછી ૨૦૧૪માં ડિમ્પલ યાદવ તેમની બેઠક બચાવવામાં સફળ રહ્યાં પરંતુ ૨૦૧૯માં મોદી લહેર તેમના પર એટલી ભારે પડી કે તે કન્નોજ જેવી સુરક્ષિત મનાતી બેઠક પર ના જીતી શક્યાં.લાલુપ્રસાદ યાદવનાં પુત્રી મીસા ભારતી બિહારની પાટલીપુત્ર બેઠક પર ભાજપના ઉમેદવાર રામકૃપાલ યાદવથી ઓગણચાળીસ હજાર મતોથી હારી ગયાં.પાટલીપુત્ર બેઠકનો ઈતિહાસ બહુ જૂનો નથી, ૨૦૦૮થી અસ્તિત્વમાં આ બેઠક પર પહેલી ચૂંટણી ૨૦૦૯માં થઈ. ત્યારે આરજેડી પ્રમુખ લાલુપ્રસાદ યાદવ આ બેઠક પર ચૂંટણી લડ્યા અને જેડીયૂના રંજનપ્રસાદ યાદવ સામે હારનો સામનો કરવો પડ્યો.ત્યારપછી ૨૦૧૪માં આ બેઠક પર મીસા ભારતીને ટિકિટ અપાઈ. આ બેઠક પરથી ટિકિટ ના મળતા આરજેડીના મોટા ગજાના નેતા રામકૃપાલ યાદવે ભાજપનો હાથ પકડી લીધો.ભાજપની ટિકિટ પર પાટલીપુત્રથી તેમણે ચૂંટણી લડી અને મીસા ભારતીને તેમના પક્ષના પૂર્વ સાથી રામકૃપાલથી આશરે ચાળીસ હજાર મતોથી હારનો સામનો કરવો પડ્યો.રાષ્ટ્રીય લોકદળના પ્રમુખ ચૌધરી અજીતસિંહને ભાજપના ઉમેદવાર સંજય બાલિયાને મુઝ્ઝફ્ફરનગર બેઠક પર છ હજાર પાંચસો મતોના અંતરથી હરાવી દીધા છે.પશ્ચિમી ઉત્તર પ્રદેશના રાજકારણમાં મોટો ચહેરો મનાતા અજીતસિંહ આ ચૂંટણીમાં તેમની બેઠક ના બચાવી શક્યા.દેશના પાંચમા વડા પ્રધાન રહેલા ચૌધરી ચરણસિંહના પુત્ર અજીતસિંહની જાટ સમુદાય પર પકડ ઘણી સારી રહી છે.પરંતુ અટલ બિહારી વાજપેયીની સરકારમાં કૃષિમંત્રી અને મનમોહન સરકારમાં ઉડ્ડન મંત્રી રહેલા અજીતસિંહ અને તેમના પક્ષ માટે આ પરિણામ એક મોટો ઝટકો રહ્યા છે.મુઝ્ઝફ્ફરનગરથી મળેલી હાર અજીતસિંહ માટે નવી નથી, ૧૯૭૧માં ચૌધરી ચરણસિંહે મુઝ્ઝફ્ફરનગરથી તેમની પહેલી ચૂંટણી લડી હતી અને તેમને પણ હારનો સામનો કરવો પડ્યો હતો.ના ફક્ત અજીતસિંહ પણ તેમના પુત્ર જયંત ચૌધરી પણ બાગપત બેઠક ના બચાવી શક્યા.ભાજપના સત્યપાલસિંહે તેમને આશરે તેવીસ હજાર મતોથી હરાવ્યા. ૨૦૦૯માં જયંત ચૌધરી મથુરાથી ચૂંટણી લડી સાંસદ બન્યા હતા.જોકે, ચૌધરી પરિવારની પારંપરિક બેઠક બાગપત માટે તેમનો ચહેરો નવો નથી. આ બેઠક પરથી ચૌધરી ચરણસિંહ ૧૯૭૧ પછી ત્રણ વાર સાંસદ રહ્યા અને તેમના પુત્ર અજીતસિંહ છ વાર આ બેઠક જીતી ચૂક્યા છે.પરંતુ ૨૦૧૪માં ભાજપના સત્યપાલસિંહે બેઠકને ભાજપના ખાતામાં નાખી દીધી. આ વખતે ચૌધરી પરિવાર તેમના ગઢને ના બચાવી શક્યો.

# ચોટીલા હાઈવે પર ટ્રાવેલ્સ પલટી જતાં ૨૦ને ઈજા : મહિલાનું મોત

સુરેન્દ્રનગર, ચોટીલાના મોલડી પાસે સ્પીડમાં જતી ખાનગી ટ્રાવેલ્સની મીનીબસ વળાંક ન વળતા પલટી મારી ગઈ હતી. જેમાં એક મહિલાનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતુ. જ્યારે ૨૦ લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે ચોટીલા રેફરલ હોસ્પિટલે તથા વધુ સારવાર અર્થે રાજકોટ મોકલાયા હતા. ચોટીલા હાઈવે પરના મોલડી ગામના વળાંકમાં રાજકોટ તરફ સ્પીડમાં જતી ખાનગી ટ્રાવેલ્સની ટુકડો લકઝરીનું વળાંક ન વળવાથી સ્ટીયરીંગ પર ડ્રાઈવરે કાબુ ગુમાવતા ગોથું ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક વડોદરાના રહિશ મહિલા પ્રતિમાબેન હેમંતભાઈ ખત્રીનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.

જ્યારે બસમાં સવાર ૨૦ મુસાફરો ધાયલ થયા હતા. આ ઘટના સમયે રાજકોટ તરફ જતા સુરેન્દ્રનગરના પોલીસવડા મહેન્દ્ર બગડીયા તેમજ એલસીબી પીઆઈ ડી.એમ.ઢોલ નિકળતા તરત જ ઈજાગ્રસ્તોને હોસ્પિટલે પહોંચાડવા માટે કાર્યવાહી કરી હતી ૧૦૮ની મદદથી ચોટીલાની રેફરલ હોસ્પિટલે લાવવામાં આવ્યા હતા. જ્યાં સારવાર બાદ ૧૨ મુસાફરોને વધુ સારવાર માટે રાજકોટ હોસ્પિટલે મોકલવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા ચોટીલા પીએસઆઈ એચ.એલ.ઠાકર તેમજ પોલીસ સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચીને ઈજાગ્રસ્તોની બચાવ કામગીરી હાથ ધરી હતી.

**SUNGOLD CAPITAL LTD**

[CIN: L65910GJ1993PLC018956]
Regd off: House no. 7/13 opp White Tower, Station Road, Nandod, Rajpipla Narmada - 393145.
Corporate Off: B/618, 6th Floor, Jaswanti allied Business Centre, off: Ramchandra Lane extn, Malad (west), Mumbai - 400064
Website: www.sungoldcapitallimited.com
Email: info@sungoldcapitallimited.com

**STATEMENT OF STANDALONE AUDITED FINANCIAL RESULT FOR THE QUARTER AND YEAR ENDED MARCH 31, 2019**

(Rs. In Lakhs, except per share data)

| Sr. no. | Particulars | Quarter ended | Year to date Figures | Corresponding Three months ended in the previous year |
|---|---|---|---|---|
| | | 31-03-2019 | 31-03-2019 | 31-03-2018 |
| | | Audited | Audited | Audited |
| 1 | Total Income from Operations | 45.832 | 185.152 | 37.933 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (8.733) | 4.757 | (5.560) |
| 3 | Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | (8.733) | 4.757 | (5.560) |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (9.917) | 3.573 | (7.837) |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (9.917) | 3.573 | (7.837) |
| 6 | Equity Share Capital (Face value of Rs. 10/-) | 1840.350 | 1840.350 | 1840.350 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | 354.879 | - |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - | | | |
| | (a) Basic | (0.054) | 0.019 | (0.043) |
| | (b) Diluted | (0.054) | 0.019 | (0.043) |

**NOTE:**

The above result is reviewed by the Audit Committee and approved by the Board of Directors in its meeting held on May 28, 2019 and IND AS are not applicable to the company for the period ended 31.03.2019.

The above is an extract of the detailed format of financial result filed with Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements), Regulations, 2015. The full format of Financial Result is available on Stock Exchange website www.bseindia.com and on Company's website, www.sungoldcapitallimited.com.

The Company has three reportable segments which is NBFC, Entertainment and software development.

**Place: Mumbai**
**Date: 28.05.2019**

**For Sungold Capital Limited**
**Sd/-**
**Rajiv Kotia**
**(Chairman & Managing Director)**
**DIN: 00135912**

# સુરેન્દ્રનગરમાં પાઈપલાઈનનો ૫૬ કરોડનો ખર્ચ પાણીમાં



સુરેન્દ્રનગર, સુરેન્દ્રનગર શહેરમાં રૂ.૫૬ કરોડાનાખર્ચે પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરી કાચબાગતિએ ચાલી રહી છે. બીજી તરફ આયોજનના અભાવે ધોળી ધજા ડેમમાં પાણી હોવાછતાં સુરેન્દ્રનગરની ૨ લાખ જનતાને તરસે મરવાનો વારો આવ્યો છે. આ અંગે જીયુડીસી કંપનીને ત્રણ વારડેડલાઈન આપવા છતાં કામગીરીપૂર્ણ ન થતાં મામલો હવે ગાંધીનગર પહોંચ્યો છે. સુરેન્દ્રનગરમાં રૂ.૫૬ કરોડના ખર્ચે પાણીની લાઈન નાખવાનું કામ જીયુડીસીને આપવામાં આવ્યું હતું. પરંતુ આયોજનના અભાવે કંપની ૩-૩ વાર ડેડલાઈન ચૂકી જતાં હાલ પંથકની ૨ લાખથી વધુ જનતાને તરસે મરવાનો વારો આવ્યો છે. અનેકવાર સ્થાનિકો દ્વારા સ્થાનિક કક્ષાએ રજૂઆત કરી પણ જીયુડીસીનો તમામ વહીવટ ગાંધીનગરથી થતો હોય અહીયાના અધિકારીઓને તેઓ ગણકારતા જ નથી. જો કે, હાલમાં પાણીના પોકારો પડતા સરકાર દ્વારા દરેક જિલ્લામાં પાણીની સ્થિતી જાણવા માટે ખાસ મંત્રીને જવાબદારી સોપાઈ છે. જે અંતર્ગત રાજયના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપ ઠાકોર સુરેન્દ્રનગર આવી પહોચ્યા હતા. જયાં સુરેન્દ્રનગર પાલીકાની ટીમે સ્પષ્ટ કહી દિધુ હતુ કે, અમારા ડેમમાં તો પાણી છે પરંતુ જીયુડીસીએ નવી લાઈનનું કામ પુરૂ ન કર્યુ હોવાને કારણે શહેરમાં હાલ બે દિવસે પાણી આપી શકીએ છીએ. જેની મંત્રીએ ગંભીરતાની નોંધ લીધી હતી અને જીયુડીસીના અધિકારીઓને ગાંધીનગરથી કામ પુરૂ કરવા માટે તાકિદ કરવા જણાવ્યુ હતુ. ત્યારે અત્યાર સુધી કોઈને પણ ન ગાઠતા જીયુડીસીના અધિકારીઓ ગાંધીનગરની સુચનાનું પાલન કરશે કે નહી તે બાબત ચર્ચાનો વિષય બની ગયો છે. ઉપરાંત જિલ્લાના એવા ઘણા ગામડા છે જયા નર્મદાના નીર પહોંચ્યા નથી. તેવા ગામોમાં પાણી આપવા માટે તાકિદ કરાઈ છે.

### કમળાના ૧૭૨, ટાઈફોઈડના ૩૮૫ કેસ

# અમદાવાદ : ઝાડા ઉલ્ટીના ૨૫ દિનમાં ૮૬૫ કેસ થયા

અમદાવાદ, અમદાવાદ શહેરમાં વધતી જતી ગરમી વચ્ચે મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. ઉનાળાની સિઝનના અનુસંધાનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ ફ્લાઈંગ સ્કવોર્ડ વિભાગ દ્વારા અલગ અલગ ઝોનમાં ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ હેઠળ જુદા જુદા ખાદ્ય પદાર્થોના શંકાસ્પદ નમુના લઈને ચકાસણી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં માત્ર ૨૫ દિવસના ગાળામાં જ ઝાડા-ઉલ્ટીના ૮૬૫ અને ટાઈફોઈડના ૩૮૫ કેસ સપાટી પર આવ્યા છે. કમળાના ૧૭૨ કેસ નોંધાઈ ગયા છે. અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય રોગ જેમ કે ડેન્ગ્યુ, ચિકનગુનિયાના આંકડા ઉપર નજર કરવામાં આવે તો સાદા મેલેરિયાના ૨૫ દિવસના ગાળામાં સત્તાવાર રીતે ૨૮૧ કેસ અને ઝેરી મેલેરીયાના ૧૦ કેસ નોંધાઈ ગયા છે. મે ૨૦૧૮માં ૧૦૩૨૪૧ લોહીના નમૂના લેવામાં આવ્યા હતા. જેની સામે ૨૫મી મે ૨૦૧૯ સુધીમાં ૭૩૯૭૨ લોહીના નમૂનાની તપાસ કરવામાં આવી ચુકી છે. આવી જ રીતે સિરમ સેમ્પલની વાત કરવામાં આવે તો મે ૨૦૧૮માં ૨૦૮૭ સિરમ સેમ્પલની સામે ૨૫મી મે ૨૦૧૯ સુધીમાં ૧૧૩૮ સિરમ સેમ્પલ લેવામાં આવી ચુક્યા છે. ચાલુ માસ દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળાને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવ્યા છે જેમાં ક્લોરિન ટેસ્ટ, બેક્ટીરીયોલોજીકલ તપાસ માટે પાણીના નમૂના, બિનઆરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થોનો નાશ, ક્લોરિન ગોળીઓના વિતરણ જેવા પગલા સામેલ છે. આરોગ્ય વિભાગ દ્વારા જુદા જુદા વિસ્તારમાં ક્લોરિન ગોળીઓનું વિતરણ પણ કરવામાં આવ્યું છે. ઉપરાંત નમૂનાઓના ટેસ્ટ પણ લેવાયા છે. છેલ્લા એક અઠવાડિયામાં અમદાવાદ શહેરમાં ફુડ ડિસ્ટ્રક્શનની કામગીરી હાથ ધરવામાં આવી છે. અનેકને નોટીસ ફટકારવામાં આવી છે. ૩૫૭૦ કિલોગ્રામ ખાદ્ય પદાર્થોનો નાશ કરાયો છે.

# સ્ટાર ગોલ્ડ પર ટોટલ ધમાલના વર્લ્ડ પ્રિમીયરે ટીવી પર મચાવી ધમાલ

અમદાવાદ : પારિવારીક મનોરંજન પૂરું પાડનાર 'ટોટલ ધમાલ' એ તાજેતરમાં દર્શકોને બોક્સ ઓફિસ પર સંતુષ્ટ કર્યા છે ત્યારે હવે તેણે ટીવી પર પણ ઈતિહાસ રચ્યો છે. તેના ૧૨ મેના રોજ સ્ટાર ગોલ્ડ પર પ્રસારિત થયેલા વર્લ્ડ પ્રિમીયરે અગાઉના તમામ દર્શક રેકોર્ડ તોડી નાખ્યા હતા જેમાં માન્યામાં ન આવે તેવી ૧૭.૩ મિલીયન ઈમ્પ્રેસન (૨+ હક્કૈંઠેં+ઈ, ઉા ૨૦, ૨૦૧૯), સાથે તેને ૨૦૧૯માં સૌથી વધુ જોવાયેલ મુવીનો પ્રિમીયર બનાવે છે.

વર્ષમાં સૌથી વધુ હીટ્સ લાવનાર સ્ટાર ગોલ્ડ ટીવ પર નવા અને તાજા મુવી પ્રિમીયરની દર્શકોની પસંદગી બની રહી છે. ૫૨૯.૭ મિલીયન ઈમ્પ્રેસન સાથે ચેનલ પણ આ ઉદ્યોગમાં નં. ૧ હિન્દી મુવી ચેનલ તરીકે ઉભરી આવી છે.

સફળતા પર ટિપ્પણી કરતા સ્ટાર ઈન્ડિયાના હિન્દી મુવીઝ બિઝનેસના જનરલ મેનેજર અને એક્ઝિક્યુટીવ વાઈસ પ્રેસિડન્ટ હેમલ ઝવેરીએ જણાવ્યું હતું કે, "ટોટલ ધમાલે અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે તેનો અમે ગર્વ અનુભવીએ છે! તે ૨૦૧૯ની સૌથી મોટી ફિલ્મ હતી અને તેને ટેલિવીઝન પર મળેલી ભારે સફળતાને કારણે અમે ફરી એક વાર હોમ ઓફ બોલિવુડ બ્લોકબસ્ટર્સનું અમારી બ્રાન્ડના વચનને વધુ મજબૂત બનાવીએ છીએ. આ પ્રતિભાવ કન્ટેન્ટ અને માર્કેટિંગ વ્યૂહરચનાનું સમર્થન છે. (૧૯-૮)

# વઢવાણમાં સતી સ્મારક ક્યારે બનશે રાષ્ટ્રીય સ્મારકને લઈને અનેક પ્રશ્નો

સુરેન્દ્રનગર, વઢવાણમાં ૩૦૦ વર્ષ જૂના સતી સ્મારકો આવેલા છે. હાડીમાં રોડ પર આવેલા રાજસ્મશાનમાં સતીઓનું સ્મારક પણ આવેલું છે. ત્યારે શનિવારના રોજ ક્ષત્રિય સમાજના આગેવાનો વઢવાણ રાજમહેલમાં અને રાણેકદેવી મંદિર પરિસરમાં એકઠા થયા હતાં. આ પ્રસંગે ત્રણ ક્ષત્રિય દેવીઓ આ સ્થળે સતી થતા આ સ્થળને રાષ્ટ્રીય સ્મારક બનાવવા માટે ચર્ચા વિચારણા કરાઈ હતી. વઢવાણ શહેરનાં પ્રાચિન ઈતિહાસ ધરબાયેલો પડયો છે. ભોગાવા નદીકાંઠે વઢવાણ બારી રોડ પર ઐતિહાસિક ગઢની અંદર વઢવાણમાં ૩૦૦ વર્ષ જૂના સતી સ્મારકો આવેલા છે. હાડીમાં રોડ પર આવેલા રાજસ્મશાનમાં સતીઓનું સ્મારક પણ આવેલું છે. મહારાણી સાહેબા હાડીમાંનો નિર્વાણ દિન વિ.સં.૧૭૯૫ શ્રાવણ વદ-૫ છે. અંદાજે ૩૦૦ વર્ષ જૂના આ સ્થળે માધાણી પરિવાર વઢવાણ ચૂડાની સમુહ પૂજનવિધિનું આયોજન અંતર્ગત દેવકુંવરબા હાડીમાંનો વાર્ષિક ચુંદડી મહોત્સવ યોજાયો હતો. જેમાં સૌપ્રથમ વખત ૨૩ ગામડાઓમાંથી વઢવાણ અને ચૂડા સ્ટેટના માધાણી, રાણા, ઝાલા પરિવારનો લોકો ઉમટી પડયા હતા. આ પ્રસંગે આ સ્થળને રાષ્ટ્રીય સ્મારક બનાવવાનો આજના કાર્યક્રમમાં ઠરાવ કરવામાં આવ્યો છે. કારણે કે આ સ્થળે રાણકદેવી, હાડીમા તેમજ રાઠોડમા સતી થયાના સ્મારકો આવેલા છે. ત્યારે શનિવારના રોજ ક્ષત્રિય સમાજના આગેવાનો વઢવાણ રાજમહેલમાં અને રાણેકદેવી મંદિર પરિસરમાં એકઠા થયા હતાં. આ પ્રસંગે ત્રણ ક્ષત્રિય દેવીઓ આ સ્થળે સતી થતા આ સ્થળને રાષ્ટ્રીય સ્મારક બનાવવા માટે ચર્ચા વિચારણા કરાઈ હતી.

# ફ્લિપકાર્ટ ફેશનના અત્યાધુનિક કેમ્પેઈનમાં રણબિર કપૂર અને આલિયા ભટ્ટ આવે છે પ્રથમ વખત એકસાથે




અમદાવાદ : ફ્લિપકાર્ટ ફેશનને વધુ ઉત્સાહિત બનાવી રહ્યો છે, જે બ્રાન્ડની અત્યાધુનિક આવૃતિ ઈન્ડિયા કા ફેશન કેપિટલ કેમ્પેઈનમાં બોલિવૂડની સેલિબ્રિટી જોડી રણબીર કપૂર અને આલિયા ભટ્ટને પ્રથમ વખત સાથે લાવી રહ્યા છે. ભૂતકાળમાં આ બ્રાન્ડની સાથે વ્યક્તિગત રીતે જોડાયેલા હોવા બાદ, તેઓ પ્રથમ વખત ફ્લિપકાર્ટ ફેશનની રાષ્ટ્રિય કેમ્પેઈનમાં આ જોડી સ્ક્રીન પર જોવા મળશે.

દેશની આ સૌથી વધુ પ્રેમાળ સેલિબ્રિટીમાંના બેની સાથે મસ્તીભર્યી ચર્ચાની શ્રેણીમાં આ કેમ્પેઈન હેઠળ તેઓ ફ્લિપકાર્ટ ફેશનની એક અલગ જ પ્રસ્તાવના ગ્રાહકો માટે લાવે છે, જેમને "સમથીંગ ન્યુ એવરીડે" (દરરોજ કંઈક નવું જોઈએ છે) પછી તે અત્યાધુનિક ટ્રેન્ડ હોય, સેલિબ્રિટી સ્ટાઈલ હોય કે પછી બ્રાન્ડના કલેક્શનને શ્રેષ્ઠ કિંમતે લેવા ઈચ્છતા હોય.

એક વર્ષ પહેલા ઈન્ડિયા કા ફેશન કેપિટલ (આઈકેએફસી)ની ત્રીજી આવૃતિની કલ્પના અને રજૂઆત કરવામાં આવી હતી, જે તેના અગાઉના બે કેમ્પેઈન પર આધારીત હતી અને તે વખતે સમગ્ર ભારતના ફેશન સ્થાનો સુધી ફ્લિપકાર્ટ ફેશનને પહોંચાડવાની હતી. આ વખતે, આ કેમ્પેઈનનો હેતુ ફ્લિપકાર્ટ ફેશનને ગ્રાહકો માટે એક આદત બનાવવાની હતી અને નવીનતમ ફેશન પ્રદાન કરવાના વચન સાથે આ પ્લેટફોર્મ વધુને વધુ સંપર્કમાં રહેશે. (૭-૪)

# દસ કલાકની વીજળીની માંગ સાથે ખેડૂતોનું દક્ષિણ ગુજરાત વીજ કંપનીને આવેદન

બારડોલી, સુરત જિલ્લા ખેડૂત સમાજ દ્વારા આઠ કલાકની જગ્યાએ દસ કલાકની વીજળીની માંગ સાથે સુરતના કાપોદ્રા ખાતે આવેલ દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કોર્પોરેટ ઓફિસ ખાતે આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ૧૭મી મેથી ખેતી માટે દસ કલાકની જગ્યાએ ૮ કલાક વીજળી આપવાની જાહેરાત કરવામાં આવતા ખેડૂતોના માથે મોટી આફત આવી ગઈ છે. ખેડૂતોનો શેરડી તેમજ શાકભાજીનો પાક પાણી વિના સુકાવા લાગ્યો છે. એક બાજુ ઉકાઈ જળાશયમાં પાણી ઓછું હોવાને કારણે નહેરમાં પાણી આપવામાં આવતું નથી આવી પરિસ્થિતી વચ્ચે ખેડૂતોનો મહામૂલ્ય પાક બચાવવા માટે સરકાર દ્વારા ૮ કલાકના બદલે દસ કલાક વીજળી દિવસે આપવામાં આવે તેવી જેથી ખેડૂતો પોતાના બોરવેલ કે કૂવા મ એનથી પાણી લઈ પોતાનો મહામુલો પાક બચાવી શકે. આવેદન પત્રમાં ખેડૂતોને હંગામી વીજ કનેક્શન આપવા માટે પણ વિનંતી કરવામાં આવી છે. ઉપરાંત ખેતીના વીજ કનેક્શનના વીજ વાયર અને પોલનું સમારકામ થતું ન હોય ખેડૂતોના ઊભા પાકમાં આગ લાગવાની સંભાવના રહેલી છે. જેથી ચોમાસાની સિઝન શરૂ થાય તે પહેલા તેનું સમારકામ કરવાની માંગ પણ કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશ પટેલની આગેવાનીમાં ખેડૂત અગ્રણી અનિલ પટેલ (કરચકા), સુરત જિલ્લા ખેડૂત સમાજ પ્રમુખ પરિમલ પટેલ, દર્શન નાયક સહિતના ખેડૂતો આગેવાનોએ ઉપસ્થિત રહી દક્ષિણ ગુજરાત વીજ કંપનીના અધિકારીને આવેદન પત્ર આપ્યું હતું.

# ગોવિંદાશ્રમ ટ્રસ્ટ દ્વારા ૨૫ હજાર નોટબુકનું વિનામૂલ્યે વિતરણ

બારડોલી, બારડોલી ગોવિંદાશ્રમ ટ્રસ્ટ સંચાલિત શ્રીઅંબાનિકેતન મંદિરમાં ૨૬મી મે રવિવારના રોજ ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓને વિનામુલ્યે નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૧૭ હજાર મોટી નોટબુક તેમજ ૮ હજાર જેટલી નાની નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

બારડોલી ગોવિંદાશ્રમ ટ્રસ્ટ સંચાલિત શ્રીઅંબાનિકેતન મંદિરમાં રવિવારના રોજ ૩૬ પ્રાથમિક શાળા, સ્કૂલ તેમજ ઉત્તરબુનિયાદી શાળામાં અભ્યાસ કરતાં ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓને વિનામુલ્યે નોટબુક વિતરણ કરવામાં આવી હતી. નોટબુકનું વિતરણ ગુજરાત રાજયના કેબિનેટમંત્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું. કુલ ૨૫ હજાર નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સુરત તક્ષશિલા આર્કેડમાં આગ લાગવાથી મૃત્યુ પામેલ ૨૨ વિદ્યાર્થીઓને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ સમારંભના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ભીખાભાઈ ઝ. પટેલે જણાવ્યુ હતું કે ગાંધી, સરદાર અને મોરારજી દેસાઈની જેમ ગોવિંદાશ્રમ ટ્રસ્ટની નિસ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિ બારડોલી પ્રદેશમાં આગવી ઓળખ કહી શકાય. આ પ્રસંગે મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી બાબુભાઈ પટેલ, દિનેશ સી.દેસાઈ, ભાવેશ પટેલ, બારડોલી સુગરના વાઈસ ચેરમેન ભાવેશભાઈ પટેલ, બારડોલી સુગરના એમ.ડી, પંકજભાઈ પટેલ, સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### યુનાઈટેડવર્લ્ડ સ્કૂલ ઓફ લૉ દ્વારા

# યુનિસેફના સહયોગથી બાળ સુરક્ષા સેવાઓ મજબૂત બનાવવા અંગે'બે દિવસની વર્કશોપ યોજાઈ




અમદાવાદ, UWSLયુનિસેફના સહયોગથીકર્ણાવતી યુનિવર્સિટીની કોલેજ (UWSL) પેરા-લીગલ વોલેન્ટીયર્સ માટે 'ગુજરાતમાં બાળ સુરક્ષા સેવા પ્રણાલી મજબૂત બનાવવાઅંગે 'રાજય સ્તરનીબે દિવસનીવર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપના ભાગ તરીકે કર્ણાવતી યુનિવર્સિટીની કોલેજ (UWSL) દ્વારા કાનૂની અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, સોશ્યલ લાઈફ એક્ટીવિસ્ટસ, પ્રો-બોનો વોલેન્ટીયર્સ, શિક્ષકો, મેડિકલ પ્રોફેશનલ્સ અને ટ્રાન્સજેન્ડર સમુદાયના પ્રતિનિધિઓને કર્ણાવતી યુનિવર્સિટીના કેમ્પસમાં તા.૨૫-૨૬ મે, ૨૦૧૯ના રોજ યોજાયેલ વર્કશોપમાં સામેલ થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ વર્કશોપને ભારે પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો અને ગુજરાતના ૨૬ જીલ્લામાંથી ૧૧૬ પ્રતિનિધિઓ એમાં સામેલ થયા હતા. (૧૯-૧)

# યામાહા મોટર પ્રાઈવેટ લિમિટેડે એસેસરી કેમ્પેનની ઘોષણા કરી

અમદાવાદ, ઈન્ડીયા યામાહા મોટર (આઈવાઈએમ) પ્રાઈવેટ લિમિટેડે ભારતમાં તેની નવીનતમ મોટરસાયકલ MT-15 (155 cc) માટે એસેસરી કેમ્પેનની ઘોષણા કરી. આ ઘોષણા ભારતમાં નવી MT-15 (155 cc) ના વેચાણ અને માર્કેટિંગની સાથે-સાથે રૂ રાઈડિંગ કલ્ચરના વિકાસ કરવાના લક્ષ્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે, જેથી રાઈડિંગ કેરેકટર અને પર્સનાલિટી દ્વારા રૂ મોટરસાયકલના ગ્રાહકોની વૈશ્વિક આકાંક્ષાઓ પૂરી શકાય. યામાહાએ પ્રિમિયમ મોટરસાયકલ MT-15 (155 cc) ના લોન્ચ સાથે ભારતમાં આ વર્ષે રૂ સિરિઝમાં મોટરસાયકલ વર્ટિકલ રજુ કર્યુ છે, જેની નવીનતમ ટેકનોલોજી ખૂબીઓ સાથે તેની 'ટોર્ક' અને 'એઝાઈલ' હેન્ડલિંગ માટે પ્રખ્યાત છે.

બ્રાન્ડના ડીએનએ અનુરૂપ એકસાઈટિંગ, સ્ટાઈલિશ, સ્પોર્ટી પ્રોડકટ અને એકસપીરિયંસ આપવા ઈન્ડીયા યામાહા મોટરના ઓથોરાઈઝડ ડિલર્સ યામાહા MT-15 (155 cc) ના બધા ગ્રાહકોનો સંપર્ક કરશે અને તેમને કોમ્લીમેન્ટ તરીકે એમટી બ્રાન્ડેડ રાઈડિંગ જેકેટ અથવા હેલ્મેટમાંથી પસંદગી કરવાની તક આપી, તે સપ્લાય કરશે. આ ઓફરનો લાભ આગામી સીમિત સમયમાં પણ તેના થનાર ગ્રાહકોને કોઈપણ વધારાની કિંમત વગર મળશે. આ બ્રાન્ડ તેની જવાબદારી માટે પ્રખ્યાત છે જે ગ્રાહકોને એકસાઈટમેન્ટ અને ડીપ સેટિશફેકશન (રોમાંચ અને સંતોષ) આપે છે. નવી MT-15 (155 cc) ના વર્તમાન ગ્રાહકોને કોમ્પલીમેન્ટરી રાઈડ એસેસરીની પસંદગી અને તેને સપ્લાય કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. યામાહાના બધી ડિલરશીપ પર MT-15 (155 cc) ના નવા ગ્રાહકોને પણ આ ઓફર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. (૧૩-૫)

# JMCએ રૂ. ૬૧૬ કરોડનાં ઓર્ડર મેળવ્યાં

અમદાવાદ, અગ્રણી સિવિલ એન્જિનીયરિંગ અને ઈપીસી કંપની JMC પ્રોજેક્ટ્સ (ઈન્ડિયા) લિમિટેડ (JMC)એ રૂ. ૬૧૬ કરોડનાં ઓર્ડર મેળવ્યાં છે. શ્રી એસ કે ત્રિપાઠી (સીઈઓ અને ડેપ્યુટી મેનેજિંગ ડાયરેક્ટર)નાં નવા ઓર્ડર્સ પર ટિપ્પણી કરતાં કહ્યું હતું કે, "અમને અમારી બિલ્ડિંગ્સ અને ફેક્ટરી (બીએન્ડફી) વ્યવસાયમાં નવા ઓર્ડર મેળવવાની ખુશી છે. એમાંથી મોટાં ભાગનાં નવા ઓર્ડર્સ અમારાં હાલનાં ક્લાયન્ટ પાસેથી પ્રાપ્ત થયેલા પુનરાવર્તિત ઓર્ડર છે, જે આ ક્ષેત્રમાં કુશળતા, સમયસર ડિલિવરી અને ગુણવત્તાનાં ધારાધોરણોનું પાલન કરવામાં JMCની મજબૂત સાખને પ્રદર્શિત કરે છે." (૧)

# ચુડાના ચોકડીથી ચોરીના બાઈક સાથે શખ્સ ઝડપાયો

સુરેન્દ્રનગર, ચુડાના ચોકડી ત્રણ રસ્તા પાસેથી એલસીબી પોલીસની ટીમે ચોરાઉ બાઈક સાથે એક શખ્સને દબોચી લીધો હતો.પોલીસે બાઈક સહીત કુલ રૂપિયા ૨૫ હજારનો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી. સુરેન્દ્રનગર જિલ્લાના ચૂડા તાલુકાના ચોકડી ત્રણ રસ્તા પાસેથી એક શખ્સ ચોરી કરેલા બાઈક સાથે પસાર થવાનો હોવાની બાતમી એલસીબી ટીમને મળી હતી.આથી એલસીબી પોલીસે ચોકડી રોડ પર આવેલી બાપા સિતારામની મઢુલી પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન ખાંડીયા ગામના મનસુખ ઉર્ફે મુકેશ મોહનભાઈ ડોરીયા શંકાસ્પદ હાલતમાં પસાર થતાં અટકાવ્યો હતા, અને બાઈકના કાગળો તથા આધાર પુરાવાની પુછપરછ કરતા સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. તેમજ બાઈક અંગે કડક પુછપરછ કરતા બાઈક ચોરીનું હોવાની કબુલાત કરી હતી. મનસુખ ઉર્ફે મુકેશ આ બાઈક એકદા માસ પહેલા અમદાવાદના કમોડ સર્કલ પાસેથી ડાયરેક્ટ કરી ચોરી કરી લઈ આવ્યો હોવાનું પોલીસને જણાવ્યું હતું.


## Bloom Dekor Limited

CIN: L20210GJ1992PLC017341
Registered Office: Plot No. 267, Village: Oran, Tal: Prantij, N.H.8, Dist. Sabarkantha, North Gujarat – 383 205
Corp.off: 2/F, Sumel, Sarkhej-Gandhinagar Highway Road, Opp. GNFC Info Tower, Thaltej, Ahmedabad - 380 059
Ph: 079 - 2684 1916; Fax: 079 - 2684 1914; Email: redressal@bloomdekor.com; Web: www.bloomdekor.com

(₹ in Lakh except EPS)

| Particulars | Quarter ended on 31/03/2019 | Year ended on 31/03/2019 | Quarter ended on 31/03/2018 |
|---|---|---|---|
| | Audited | Audited | Audited |
| Total Income From Operations | 1,272.07 | 5,160.81 | 1,806.87 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 17.02 | (919.53) | (327.71) |
| Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 17.02 | (919.53) | (327.71) |
| Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (48.99) | (733.19) | (103.36) |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (51.92) | (729.22) | (94.45) |
| Equity Share Capital | 685.00 | 685.00 | 685.00 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the audited Balance Sheet of the previous year) | - | (366.92) | - |
| **Earnings Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations)-** | | | |
| Basic : (not annualzed for the quarter ended) | (0.72) | (10.70) | (1.51) |
| Diluted:(not annualzed for the quarter ended) | (0.72) | (10.70) | (1.51) |

Note:- The above financial is an extract of the detailed format of quarterly Financial Results filed with the BSE Limited under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015. The full format of the quarterly Financial Results are available on the Bombay Stock Exchange Website at www.bseindia.com and Company's website at www.bloomdekor.com.

For,Bloom Dekor Limited
Sd/-
Dr. Sunil Gupta
Managing Director
DIN: 00012572

Place: Ahmedabad
Date: May 28, 2019

## TEXEL INDUSTRIES LIMITED

REGD.OFFICE: BLOCK NO. 2106, SANTEJ-KHATRAJ ROAD, NR. GAYATRI FARM HOUSE, VILL-SANTEJ, TAL-KALOL (N G), DIST-GANDHINAGAR, GUJARAT- 382721
CIN:L29100GJ1989PLC012576; Ph:+918980026220/ 26110; Email: finance@geotexelin.com; Website: www.geotexelin.com

**Extract of Statement of Audited Consolidated Financial Results for the Quarter and Year ended 31st March, 2019**

(Rs. In Lakhs except EPS)

| Sr.No. | Particulars | Consolidated | | |
|---|---|---|---|---|
| | | Quarter Ended 31-03-2019 (Audited) | Year Ended 31-03-2019 (Audited) | Quarter Ended 31-03-2018 (Audited) |
| 1 | Total Income from Operations | 3485.83 | 11235.36 | 2663.73 |
| 2 | Net Profit/(Loss) for the period before tax (before Exceptional and/or Extraordinary items) | 50.64 | 305.27 | 129.89 |
| 3 | Net Profit/ (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 50.64 | 305.27 | 129.89 |
| 4 | Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 43.83 | 222.72 | 87.19 |
| 5 | Total Comprehensive income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)] | 94.34 | 273.23 | 85.52 |
| 6 | Paid up Equity Share Capital (Face value of Rs. 10 each) | 522.29 | 522.29 | 522.29 |
| 7 | Other Equity | - | 1164.31 | - |
| 8 | Earnings per share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) | | | |
| | (a) Basic: | 1.81 | 5.23 | 1.64 |
| | (b) Diluted: | 1.81 | 5.23 | 1.64 |

**Notes:**

1 Additional information on Audited Standalone Financial Results is as follows:

(Rs. In Lakhs)

| Particulars | Quarter Ended 31-03-2019 (Audited) | Year Ended 31-03-2019 (Audited) | Quarter Ended 31-03-2018 (Audited) |
|---|---|---|---|
| Income from Operations | 3485.83 | 11235.36 | 2663.73 |
| Profit Before Tax | 65.66 | 333.89 | 129.89 |
| Profit After Tax | 58.85 | 251.34 | 87.19 |
| Total Comprehensive Income (After Tax) | 109.36 | 301.85 | 85.52 |

2 The above is an extract of the detailed format of Audited Standalone & Consolidated Financial Results for the quarter and year ended on 31st March, 2019 filed with the Stock Exchange under Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of Audited Standalone & Consolidated Financial Results for the quarter and year ended on 31st March, 2019 is available on the Stock Exchange website i.e. www.bseindia.com and on the website of the Company i.e. www.geotexelin.com

3 The above results have been reviewed by the Audit Committee of the Directors and approved by the Board of Directors at their meeting held on 27th May, 2019.

For Texel Industries Limited
Sd/-
Shailesh Mehta
Managing Director
DIN: 01457666

Place: Mumbai
Date : 27th May, 2019


Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-



મુસ્લિમ સમુદાયના પવિત્ર રમઝાન મહિનાનો દોર ચાલી રહ્યો છે ત્યારે સિદી સયૈદની જાળીને રોશનીથી શણગારવામાં આવી છે.

# ઊંઝાની યુવતિ પાસે સાસરિયાએ ૨૦ લાખનું દહેજ માગી કાઢી મૂકી



ઊંઝા, ઊંઝા શહેરના કન્યા છાત્રાલય રોડ પર આવેલ શંભુપાર્ક સોસાયટીમાં રહેતી પરિણીતા યુવતીને તેના અમદાવાદ ખાતેના સાસરિયાઓ દ્વારા ઘરકામ બાબતે ખોટા બહાના કાઢી મારઝૂડ કરી દહેજ પેટે રૂ.૨૦ લાખની માંગણી કરી તને રાખવી નથી તેવા મહેણાં ટોણા મારી પરિણીતાને ઘરમાંથી તગેડી મુકતા ઊંઝા પોલિસ સ્ટેશનમાં બ્રિજેશકુમાર ગિરીશકુમાર ઓઝા, ગિરીશકુમાર વિશાભાઈ ઓઝા, સરલાબેન ગિરીશભાઈ ઓઝા(તમામ રહે. લલિતા સોસાયટી ઈસનપુર, અમદાવાદ) સામે ફરિયાદ નોંધાવતા પોલિસએ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઊંઝા શહેરના શંભુપાર્કમાં રહેતી અને ફાર્માસિસ્ટની ડીગ્રી ધરાવતી વિધિબેન હસમુખભાઈ પ્રજાપતિના લગ્ન ચાર વર્ષ અગાઉ વિજાપુર તાલુકાના કોલવાડા અને હાલ અમદાવાદ ખાતે રહેતા બ્રિજેશ કુમાર ગિરીશકુમાર ઓઝા સાથે સમાજના રીતરિવાજ મુજબ થયા હતા. જેમાં લગ્ન જીવન દરમિયાન એક બાબો પણ છે. જેમાં તેણીના સાસરિયાઓ દ્વારા ત્રાસ આપી કરિયાવરમાં કઈ લાવી નથી દહેજ પેટે તારા પિતા પાસેથી રૂ.૨૦ લાખ લઈ આવ તેમ કહી તગેડી મુકી હતી.

## ઘર પાસેથી ટ્રેક્ટર લઈ જવાની ના પાડતા કાકાનો ભત્રીજા અને વહુ પર હુમલો

આણંદ, આંકલાવ તાલુકાના ગંભીરા ગામના સીતાપુરામાં શનિવારે સાંજે ઘર આગળથી ટ્રેક્ટર લઈને જવાની ના પાડતાં ઉશ્કેરાયેલા બે વ્યક્તિએ ધારિયા-લાકડીઓથી દંપતિ ઉપર હુમલો કરી તેમને ઘાયલ કર્યા હતા.

ગંભીરા ગામના સીતાપુરા વિસ્તારના નરેશભાઈ જીકાભાઈ પઢિયાર (ઉ.વ.૩૬) પત્ની નીતાબેન તથા બાળકો સાથે રહે છે. તેમને છેલ્લા છ મહિનાથી કૌટુંબિક કાકા જયંતીભાઈ ખુમાનભાઈ પઢિયાર સાથે ઘર આગળ થઈને જવા આવવા બાબતે મનદુઃખ ચાલી રહ્યું છે. દરમિયાન શનિવારે સવારે નરેશભાઈ નોકરીએ ગયા હતા. ત્યારબાદ તેમના ઘર પાસેથી જયંતીભાઈ પઢિયાર ટ્રેક્ટર લઈને નીકળ્યા હતા. ત્યારે નીતાબેને તેમને અહીંયાથી ટ્રેક્ટર લઈને જવું નહીં તેવું કહ્યું હતું. જેથી બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ જયંતીભાઈ નરેશભાઈના ઘર પાસેથી નીકળતા હતા. ત્યારે નરેશભાઈએ તેમને ઠપકો આપ્યો હતો. જેથી જયંતિભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે ધારિયું લઈ માર્યું હતું. જેનો ઘા નીતાબેનને કપાળે અને હાથે વાગી ગયો હતો. જ્યારે જયંતીભાઈનો પુત્ર હાર્દિક લાકડી લઈને આવ્યો હતો. તેણે નરેશભાઈને હાથ ઉપર લાકડી મારી દીધી હતી. તથા શરીરના અન્ય ભાગે પમ લાકડીઓ મારી હતી. જેથી તેમણે બૂમાબૂમ મચાવી મૂકી હતી. જેને પગલે આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને દંપતીને વધુ મારમાંથી છોડાવ્યું હતું.

## દુષિત પાણીના મુદ્દે આખરે ડે. એન્જિનિયરની હકાલપટ્ટી : એક કાર્યપાલક ઈજનેરને સસ્પેન્ડ કરાયો

વડોદરા, પાંચ લાખથી વધુ વડોદરાવાસીઓને દુષિત પાણીના વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા થઈ રહેલા વિતરણના વિવાદમાં આખરે તંત્ર આક્રમક બન્યુ છે. નિમેટા ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે ફરજ બજાવતાં ડે. એન્જિનિયર મનસુખ બગડાની હકાલપટ્ટી કરવામાં આવી છે. જ્યારે પ્લાન્ટમાં સફાઈ અંગે નિષ્કાળજી દાખવનાર કાર્યપાલક ઈજનેર કૌશીક પરમારને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જ્યારે એડિશનલ સિટી એન્જિનિયર અલ્પેશ મજમુદાર તથા કાર્યપાલક ઈજનેર રાજેશ ચૌહાણનો મામલો સામાન્ય સભામાં મોકલી દેવામાં આવ્યો છે. અલબત્ત પ્લાન્ટનું બાંધકામ કરનાર તથા સાફ સફાઈનો ઈજારો ધરાવતા કોન્ટ્રાક્ટરને બ્લેક લીસ્ટ કરવામાં આવ્યા છે.

મ્યુનિસિપલ કમિશનર અજય ભાદુએ આજે પત્રકારોની સાથે વાતચીતમાં જણાવ્યુ હતુ કે, દુષિત પાણીના મામલામાં ફરજ પ્રત્યે નિષ્કાળજી દાખવનાર હવાલાના કાર્યપાલક ઈજનેર (ઈલે.-મિકે.) વિતરણ) કૌશિક પરમારની નિમેટા સ્થિત ટ્રીટમેન્ટ પ્લાન્ટના મેઈન્ટેનન્સ માટેની જવાબદારી હતી. પરંતુ, તેઓએ તેઓની ફરજ પ્રત્યે નિષ્કાળજી દાખવી હતી. તેઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. નિમેટા ખાતે પાણી પુરવઠા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા કરાર આધારીત મનસુખ બગડા ફરજ બજાવતા હતા. તેઓએ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી શહેરીજનોને શુધ્ધ પાણી મળી રહ્યું છે કે નહિં. તે અંગે દેખરેખ રાખવાની હતી. પરંતુ, તેઓએ શહેરીજનોને દુષિત અને કેમિકલયુક્ત પાણી મળી રહ્યુ હોવા છતાં કોઈ પગલાં ન ભરતા તેઓને ડિસમીસ કરી દેવામાં આવ્યા છે. આ અગાઉ તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

જ્યારે કોર્પોરેશનના પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેર રાજેશ ચૌહાણ અને હવાલાના તત્કાલિન એડી. સીટી એન્જિનીયર અલ્પેશ મજમુદાર શહેરીજનોને શુધ્ધ અને પ્રમાણસર પાણીનો જથ્થો મળે તેવી જવાબદારી હતી. પરંતુ, તેઓએ શહેરીજનોનું આરોગ્ય જોખમાય તેવું દુષિત પાણી પીવડાવી શહેરીજનોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કર્યા હતા. આ બંને અધિકારીઓની સમગ્ર સભા દ્વારા નિમણૂંક કરવામાં આવી હોવાથી, તેઓને સસ્પેન્ડ કરવાનો અધિકાર પણ સમગ્ર સભાનો હોવાથી મ્યુનિ. કમિશનરે આ બંને અધિકારીઓને સસ્પેન્ડ કરવાની ભલામણ કરતી દરખાસ્ત સ્થાયી સમિતી તરફ મોકલી આપી હતી.

આ વિવાદી પ્રકરણમાં મે. રાજકમલ બિલ્ડર્સ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ.એ નિમેટા ખાતેના ટ્રીટમેન્ટ પ્લાન્ટને સમયસર મેન્ટેનન્સ કરવામાં નિષ્કાળજી દાખવી હતી. આથી આ કંપનીને કોર્પોરેશનના પાણી પુરવઠાના કામોમાંથી ત્રણ વર્ષ માટે બ્લેકલિસ્ટ કરવામાં આવી છે. તેની સાથે રૂપિયા પચાસ લાખ પેનલ્ટી કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. જ્યારે મે. પૂજા કન્સ્ટ્રક્શન કંપનીને નિમેટા ખાતેના ત્રણ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું મેઈન્ટેનન્સ કરવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. પરંતુ, કંપની દ્વારા ક્યારેય પ્લાન્ટની સફાઈ કરવામાં આવી ન હતી.

## સુરતમાં ટેરેસ ઉપર ઉભા કરેલાં ૯૭ બાંધકામોનો ચારેકોર સફાયા

સુરત, તક્ષશિલા આર્કેડની આગની ઘટના પછી પાલિકા, ફાયર વિભાગ, સરકાર બધા એકદમ એકશનમાં આવી ગયા છે. લોકોના ફિટકારને કારણે રવિવારે પણ પાલિકાના કર્મચારીઓએ ડીમોલિશનની કામગીરી હાથ ધરીને સુરતના જુદા જુદા વિસ્તારોની ૧૬ મિલ્કતોમાં ટેરેસ પર આવેલા ગેરકાયદે બાંધકામ પર હથોડા વીંઝી દીધા હતા. પાલિકાએ કુલ ૪૨૭૯૦ ચો.ફુટ બાંધકામ તોડી પાડયું હતું. સોમવારે પણ આ સિલસિલો જારી રહ્યો હતો. આઠ ઝોનમાં ૯૭ જગ્યાએ ડિમોલીશન હાથ ધર્યું હતું. તક્ષશિલા આર્કેડની આગની ઘટના પછી લોકોમાં ભારે આક્રોશ છે. લોકરોષ પારખીને પાલિકા કમિશનરે તાકીદે એકશન લેવાનું શરૂ કરી દીધું હતું. રવિવારે સિનેમા ઘર અને કેટલીક સ્કુલો પર પાલિકાના કર્મચારીઓએ હથોડા ઝીંક્યા હતા. ટેરેસ પર જે લોકોએ ગેરકાયદે ડોમ તાણી દીધા હતા તેને પાલિકાએ તોડી પાડયા હતા. કાપોદ્રામાં આવેલા એંજલ સિનેમા, જૂના ઈસ્ટઝોન- એ માં આવેલી એલ.પી. સવાણી વિદ્યાનિકેતન, એલ.પી. સવાણી હાઈસ્કુલ, લિંબાયતમાં આવેલી વિદ્યાનિકેતન સ્કુલ, પૂણાગામમાં આવેલી શારદા વિદ્યાલય સહિત ૮ ઝોનની ૧૬ મિલ્કતોમાં ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું. રજાના દિવસે પણ પાલિકાનો સ્ટાફ કામ કરી રહ્યો હોવાથી લોકોએ કામગીરી તો બિરદાવી હતી પણ સાથે સાથે એમ પણ કહ્યું હતુ કે પહેલાં જ આવી કામગીરી કરી દીધી હોત તો કદાચ ૨૦ ભુલકાંઓનો જીવ બચી જતે. આતો ઘોડા ભાગી ગયા પછી તબેલાને તાળા મારવા જેવી વાત છે. પાલિકાના કર્મચારીઓએ ડીમોલિશનની કામગીરી હાથ ધરીને સુરતના જુદા જુદા વિસ્તારોની ૧૬ મિલ્કતોમાં ટેરેસ પર આવેલા ગેરકાયદે બાંધકામ પર હથોડા વીંઝી દીધા હતા.

## થરાદના રામપુરામાં પડોશી દ્વારા મહિલા પર હુમલો કરાતાં ચકચાર

થરાદ, થરાદ તાલુકાના રામપુરા ગામમાં એક મહિલાએ તેના ખેતરની આજુબાજુ આંટામારતા પાડોશીને કહેવા જતાં તેણે ઉશ્કેરાઈને હુમલો કરી જો ફરિયાદ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.પોલીસે મહિલાની ફરીયાદના આધારે ગુનો દાખલ કર્યો છે. થરાદ તાલુકાના સવપુરા ગામના કૈલાશભાઈ તેજાભાઈ પટેલ અને રામપુરાના મુળાભાઈ મોદીના ખેતર જોડાજોડ આવેલા છે.શુક્રવારની સાંજના સાડાપાંચ વાગ્યાના સુમારે મુળાભાઈની પત્ની પંખીબેન પોતાના ખેતરમાં હતી અને તેણીના પતિ થોડેક દૂર ખેતીકામ કરતા હતા.


# GUJARAT TOOLROOM LIMITED

(CIN::L45208GJ1983PLC006056)

(Regd. Office:- 402, Sheel Complex, Nr. Mithakhali Under Bridge, Navrangpura, Ahmedabad-380009)

Email:- gujtoolroom@gmail.com Web:-www.gujarattoolroom.com

STATEMENT OF STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST March, 2019

(Rs. in lakhs)

| Sr. No. | Particulars | Quarter Ended | | | Year Ended | |
|---|---|---|---|---|---|---|
| | | 31-03-2019 | 31-12-2018 | 31-03-2018 | 31-03-2019 | 31-03-2018 |
| | | (Audited) | (Unaudited) | (Unaudited) | (Audited) | (Audited) |
| 1 | **Income** | | | | | |
| | Revenue from Operations | - | - | - | - | - |
| | Other Income | - | - | - | - | - |
| | **Total Income** | - | - | - | - | - |
| 2 | **Expenses** | | | | | |
| | (a) Purchases of stock-in-trade | - | - | - | - | - |
| | (b) Changes in inventories of stock-in-trade | - | - | - | - | - |
| | (c) Employee benefits expense | - | - | - | - | - |
| | (d) Finance costs | - | - | - | - | - |
| | (e) Depreciation and amortisation expense | - | - | - | - | - |
| | (f) Other expenses | 3.87 | 0.36 | 3.76 | 4.86 | 4.37 |
| | (g) Foreign exchange loss / (gain) | - | - | - | - | - |
| | **Total Expenses** | **3.87** | **0.36** | **3.76** | **4.86** | **4.37** |
| 3 | **Profit before exceptional items and tax (1-2)** | **(3.87)** | **(0.36)** | **(3.76)** | **(4.86)** | **(4.37)** |
| 4 | Add/(Less) : Exceptional items (net) | - | - | - | - | - |
| 5 | **Profit before tax (3+4)** | **(3.87)** | **(0.36)** | **(3.76)** | **(4.86)** | **(4.37)** |
| 6 | Tax expenses | | | | | |
| | (a) Current Tax | - | - | - | - | - |
| | (b) Deferred Tax | - | - | - | - | - |
| | **Total Tax Expense** | - | - | - | - | - |
| 7 | **Profit / (Loss) for the period (5-6)** | **(3.87)** | **(0.36)** | **(3.76)** | **(4.86)** | **(4.37)** |
| 8 | Other Comprehensive Income | | | | | |
| | (a) Items that will not be reclassified to profit or loss | - | - | - | - | - |
| | (b) Income tax relating to items that will not be reclassified to profit or loss | - | - | - | - | - |
| | (c) Items that will be reclassified to profit or loss | - | - | - | - | - |
| | (d) Income tax relating to items that will be reclassified to profit or loss | - | - | - | - | - |
| | **Other Comprehensive Income** | - | - | - | - | - |
| 9 | **Total Comprehensive Income for the period (7+8)** | **(3.87)** | **(0.36)** | **(3.76)** | **(4.86)** | **(4.37)** |
| 10 | Paid-up Equity Share Capital (Face Value of ` 1 each) | 69.54 | 69.54 | 69.54 | 69.54 | 69.54 |
| 11 | Other Equity | | | | | |
| 12 | **Earning per share (Face Value of ₹ 1 each) (not annualised):** | | | | | |
| | Basic & Diluted | (0.56) | (0.05) | (0.54) | (0.70) | (0.63) |

STATEMENT OF ASSETS AND LIABILITIES AS AT 31ST MARCH 2019

(Rs. in lakhs)

| Sr. No. | Particulars | Standalone | |
|---|---|---|---|
| | | 31-03-2019 | 31-03-2018 |
| | | (Audited) | (Audited) |
| | **ASSETS** | | |
| I | **Non-Current Assets** | | |
| (a) | Property, Plant & Equipment | - | - |
| (b) | Capital Work-in-Progress | - | - |
| (c) | Investment Properties | - | - |
| (d) | Goodwill | - | - |
| (e) | Other Intangible Assets | - | - |
| (f) | Financial Assets | | |
| | (i) Investments | - | - |
| | (ii) Loans | - | - |
| | (iii) Other Financial Assets | - | - |
| (g) | Income Tax Assets | - | - |
| (h) | Deferred Tax Assets | - | - |
| (i) | Other Non-Current Assets | | |
| | **Total Non Current Assets** | - | - |
| II | **Current Assets** | | |
| (a) | Inventories | - | - |
| (b) | Financial Assets | | |
| | (i) Investments | - | - |
| | (ii) Trade Receivables | - | - |
| | (iii) Cash & Cash Equivalents | 0.29 | 0.89 |
| | (iv) Other Balances with Banks | - | - |
| | (v) Loans | 43.64 | 44.54 |
| | (vi) Other Financial Assets | - | - |
| (c) | Other Current Assets | - | - |
| | **Total Current Assets** | **43.93** | **45.43** |
| | **Total Assets** | **43.93** | **45.43** |
| | **EQUITY AND LIABILITIES** | | |
| | **EQUITY** | | |
| (a) | Equity Share Capital | 69.54 | 69.54 |
| (b) | Other Equity | (33.32) | (28.46) |
| | **Equity attributable to owners of the Company** | **36.22** | **41.08** |
| (c) | Non-Controlling Interests | - | - |
| | **Total Equity** | **36.22** | **41.08** |
| | **LIABILITIES** | | |
| I | **Non-Current Liabilities** | | |
| (a) | Financial Liabilities | | |
| | (i) Borrowings | - | - |
| | (ii) Other Financial Liabilities | - | - |
| (b) | Provisions | - | |
| (c) | Deferred Tax Liabilities | - | - |
| (d) | Other Non-Current Liabilities | - | - |
| | **Total Non Current Liabilities** | - | - |
| II | **Current Liabilities** | | |
| (a) | Financial Liabilities | | |
| | (i) Borrowings | 3.41 | 3.11 |
| | (ii) Trade Payables | | |
| | - Total outstanding dues of micro enterprises and small | 0.84 | - |
| | -Total outstanding dues of creditors other than micro enterprises and small enterprises | 3.47 | 1.24 |
| | (iii) Other Financial Liabilities | - | - |
| (b) | Other Current Liabilities | - | - |
| (c) | Provisions | - | - |
| (d) | Income Tax Liabilities | - | - |
| | **Total Current Liabilities** | **7.71** | **4.35** |
| | **Total Equity and Liabilities** | **43.93** | **45.43** |

Notes :

1 The above Financial Results have been reviewed by the Audit Committee and subsequently approved by the Board of Directors at their meetings held on 25th May, 2019.

2 The Statutory Auditors have carried out audit of the above Financial Results for the year ended 31st March, 2019.

3 The financial results of the Company have been prepared in accordance with the Indian Accounting Standards ("Ind AS") as prescribed under Section 133 of the Companies Act, 2013 read with the relevant rules issued thereunder.

4 Figures for the quarter ended 31st March, 2019 represent the difference between the audited figures in respect of the full financial year and the published figures of nine months ended 31st December, 2018.

5 Previous period's figures have been regrouped / rearranged wherever necessary, to conform to the current period's classification.

For & on behalf of the Board,
**Vishal Shah**
Director
(DIN:03279724)

**Date :** 25.05.2019
**Place :** Ahmedabad